# સ્વચ્છ-સુંદર અને રળિયામણુ પાટનગર બનાવવા તંત્રએ કમર કસી છે : મેયર

## વાયબ્રન્ટ પૂર્વે તમામ સેક્ટરોમાં ડસ્ટબીનોનું વિતરણ કરી દેવાનું આયોજન છે : કમિશનર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરને સ્વચ્છ, સુંદર અને રળિયામણુ બનાવવાનું આજે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ વ્યક્ત કરી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકા



આયોજન છે. જેમાં લોક સહયોગ પણ એટલો જ જરૂરી છે અને તે સૌ નગરજનો આપશે તેવી આશાઓ દ્વારા કચરાના નિકાલ માટે ડોર ટુ ડોર કલેક્શન માટે ફ્રી ડસ્ટબીન વિતરણનો શુભારંભ કરતાં મેયર શ્રી રાણાએ જણાવ્યું હતું કે સ્વચ્છતા એ આ નગરની ઓળખ બને તેવી કલ્પના સાથે મનપા આગળ વધી રહેલ છે.

ધારાસભ્ય શ્રી અશોક પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે સર્વને માટે ફાયદાકારક ઈલાજ એટલે સફાઈ અને તે માટે આપણે સૌએ જાગૃતિ દાખવવી પડશે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, સફાઈની કામગીરીને અસરકારક બનાવવા તંત્રે અનેકવિધ પગલાં ભર્યા છે. આજે ડસ્ટબીન વિતરણ પણ એ પગલાંનો ભાગ જ છે. તેમણે જણાવ્યુ હતું કે વડાપ્રધાનશ્રીએ મહાત્મા ગાંધીની

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

પ્રકાશમય માર્ગો - ગાંધીનગર નવા સ્વરૂપે પ્રગટી રહ્યું છે... આજકાલ ચારેય તરફ રંગરોગાન, મજબૂતીકરણ અને સુશોભન ચાલે છે... સાથોસાથ સુંદર બનાવાયેલા માર્ગો પર પ્રકાશ વ્યવસ્થિત પથરાય તે માટે સ્ટ્રીટ લાઈટની ચકાસણી અને મરામત યુદ્ધના ધોરણે ચાલે છે... થાંભલાઓને રંગરોગાન, બલ્બને બદલવાની કામગીરી ચાલુ છે.

# શ્રેષ્ઠ કર્મ કરીએ, શ્રેષ્ઠ જીવન જીવીએ

## સમદર્શન આયોજિત જ્ઞાનસત્રના પાંચમા દિવસે પૂજ્ય ગુરૂમા સમાનંદજીની અમૃતવાણી

પાંચમા દિવસના પ્રારંભે પૂજ્ય ગુરૂમાએ જગતનું સ્વરૂપ સરમજાવતાં કહ્યું કે, આ જગત માયામય છે. તે હું જેવું માનુ છું એવું નથી. તેને જેટલું સત્ય માનુ છું એટલુ સત્ય પણ નથી. માયાને લીધે વ્યક્તિ મોહિત થાય છે અને તેના રાગ-દ્વેષના આધારે આ જગતના વાસ્તવિક સ્વરૂપ સત્, ચિત્, આનંદને નામ રૂપથી ઢાંકી દે છે. સ્વામી અખંડાનંદજી કહે છે કે, જગતમાં પરમાત્મા ઠસોઠસ ભરેલા છે. નામરૂપ તો પોલંપોલ છે. પરંતુ હું મોહવશ તેથી વિપરિત જોઉ છું. મને સર્વત્ર નામરૂપ જ દેખાય છે, જે ઠસોઠસ ભરેલ પરમાત્માને આવૃત્ત કરી દે છે.



**જ્ઞાનસત્ર**

જીવનના સાચા સ્વરૂપને સમજાવતાં પૂજ્ય ગુરૂમાએ જણાવ્યું કે, પ્રત્યેક જીવનનું સાચુ સ્વરૂપ સત્, ચિત્, આનંદ જ છે, અને પ્રતિક્ષણ મને તે દેખાય છે.

(૧) સત્ - હોવાપણું - જેના અભાવનો નિશ્ચય ક્યારેય ન થાય.

(૨) ચિત્ - ચેતન - જેના જડત્વનો અનુભવ શક્ય નથી.

(૩) આનંદ - પ્રિય - હું સુખ સ્વરૂપ છું, મને પ્રિય છું.

પરમાત્મા નિત્ય છે, ત્રણે કાળમાં છે. તે બધે જ છે, તેથી અહીં પણ છે. તે સર્વ રૂપે છે, તેથી મારારૂપે પણ છે. ગોવિંદને ભજવાથી પરમાત્મતત્વ સુધી પહોંચાય છે.

કાળની ગતિએ સમજાવતા શંકરાચાર્યજી જણાવે છે કે, દિવસ, રાત, સાંજ, સવાર આ બધું આવતું જ રહે છે, જે કાળની ક્રિડા છે. કાળ ખૂબ ઝડપથી પસાર થઈ જાય છે. ઘડિયાળનો કાંટો એક દિશામાં જ ફરે છે, ક્યારેય ઉલટો ફરતો નથી. દુઃખના દિવસો ધીમે ધી પસાર થાય છે. કાળરૂપે સાક્ષાત પરમાત્મા જ છે, જે સંહાર અને સર્જન કર્યે જ જાય છે. તેઓ માટે આ સહજ ક્રિયા છે, લટકો માત્ર છે, જે મારે માટે મોટો ફટકો બની રહે છે. ઈશ્વરની આ લીલાને, સુખ, દુઃખના પ્રવાહોને હું તટસ્થ રહીને બંનેમાં સમાનરૂપે સ્થિત રહી શકું તે માટે જ સર્વ સાધના છે.

મનુષ્ય તેના જીવનમાં સતત ચિંતા કરતો રહે છે તેથી વ્યર્થતા ઉપર પ્રહાર કરતાં શંકરાચાર્યજી જણાવે છે કે, તું ધન, જન, સ્વજન, સંબંધોની આટલી બધી ચિંતા શા માટે કરે છે ? તારી ચિંતાથી કોઈ કાર્ય થવાનું નથી. તેનું કોઈ ફળ પણ નથી. નિયંતતાએ જે કાંઈ નિશ્ચિત કરેલ છે તે બનીને જ રહે છે. હા, નિયંતતાની લીલા અંગે હું વિચારપૂર્વક આયોજન ચોક્કસ કરી શકું, તેમાંથી ઉગરવાના ઉપાયો વિચારી તે મુજબ અવશ્ય કહું. આ બધું કર્યા બાદ પણ પરિસ્થિતિ વિપરિત બની રહે તો તેનો સ્વીકાર કરતાં પણ મને આવડવું જોઈએ મારા પુરૂષાર્થમાં હું કચાશ ન રાખું, પરંતુ પરિણામ તેને અનુરૂપ જ આવશે તેવું ન બને. કારણ કે, જગતનું ચક્ર પરમાત્માના નિયમો મુજબ જ ચાલે છે. હું મારો અને મારા પરિવારના

● અનુસંધાન પાન-૭ પર

# ...તો ૩૦મીએ કર્મચારીઓ ગાંધીનગરમાં ધરણા કરશે

ગાંધીનગર, તા. ૨૩

સરકારના કેબીનેટ કક્ષાના મંત્રીશ્રીઓ સાથે કર્મચારીઓના પડતર પ્રશ્નો બાબતે ચર્ચા થયે ત્રણ મહિના વિતી ગયા હોવા છતાં સરકાર પક્ષે કોઈ પરીપત્ર ન થતાં કર્મચારીઓમાં સરકાર સામે ભારે રોષ પ્રગટ થયેલ છે. સરકાર હંમેશા શાંતીથી બેઠેલા કર્મચારીના હકારાત્મક વલણની નોંધ ન લઈને કર્મચારીઓને આંદોલનના માર્ગે ધકેલી રહી હોઈ તેમ સ્પષ્ટ જણાય છે, તેવો અહેસાસ કર્મચારી સંકલન સમિતિના હોદ્દેદારોને થઈ રહ્યો છે. જેથી સંકલન સમિતિએ સરકારના સંકલીત મંત્રીશ્રીઓને જાણ કરી હોવા છતાં સરકાર પક્ષેથી આજ દિન સુધી કોઈ હકારાત્મક ઉકેલ ન આવતાં કર્મચારીઓનો રોષ જોઈને સંકલન સમિતિ દ્વારા જો સરકાર દ્વારા તા. ૨૯-૧૨-૨૦૧૪ સુધીમાં કોઈ પ્રશ્નોનો ઉકેલ ન આવે તો અગાઉ નક્કી થયા મુજબ તા. ૩૦-૧૨-૨૦૧૪ના રોજ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલા ધરણામાં સમગ્ર રાજયમાંથી વિશાળ સંખ્યામાં કર્મચારીઓ ગાંધીનગરની વાટ પકડશે. ધરણાના કાર્યક્રમો ફરજીયાત આપવા માટે સંકલન સમિતિને ફરજ પડાવશે જ તેવુ સચિવાલય પ્રમુખ શ્રી ભવાનસિંહ પરમાર, પંચાયત પ્રમુખશ્રી અબ્દુલભાઈ ચૌહાણ, બોર્ડ નિગમના શ્રી પ્રવિણ સુતરીયા, શિક્ષકસંઘના પ્રમુખશ્રી ચંદુભાઈ જોશી, તથા મહાનગરપાલિકા પ્રમુખ શ્રી દેવમુરારી તથા ચોથા વર્ગ કર્મચારી મહામંડળના શ્રી પ્રવિણ સોલંકી તથા રાજ્ય મહામંડળના પ્રમુખ શ્રી આર.એ. પટેલે જણાવ્યું છે.

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **કનૈયાલાલ ઓધવજી વ્યાસ (કે.ઓ.વ્યાસ)** તા. ૨૨-૧૨-૨૦૧૪ સોમવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૨૫-૧૨-૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**-: નિવાસસ્થાન :-**
**પ્લોટ નં. ૧૨૯૫/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર**
**ફોન - ૦૭૯ ૨૩૨૩૦૩૫૯**

**ચિરાગ કે. વ્યાસ** (પુત્ર)
**ચેતન કે. વ્યાસ** (પુત્ર)

# બાઈકની નવી સીરીઝમાં ૧ નંબર માટે ૩૫,૭૭૭ ચુકવાયા

## પસંદગીના નંબરોની હરાજીમાં આર.ટી.ઓ.ને ૧.૨૨ લાખની આવક

ગાંધીનગર, તા. ૨૩

આર.ટી.ઓ. કચેરી દ્વારા ટુ વ્હીલરના નંબર માટે નવી શરૂ કરાયેલી જીજે-૧૮-સી.જે.ની સીરીઝમાં પસંદગીના નંબરોની હરાજી અન્વયે આર.ટી.ઓ.ને રૂ. ૧.૨૨ લાખની આવક થઈ છે. જેમાં નંબર-૧ માટે સૌથી વધુ રૂ. ૩૫,૭૭૭ ચુકવાયા છે.

આર.ટી.ઓ. કચેરી દ્વારા દ્વીચક્રી વાહનો માટે નંબરોની નવી સીરીઝ જીજે-૧૮-સી.જે. શરૂ કરવામાં આવી છે. જ્યારે આ નવી સીરીઝ માટે પસંદગીના

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટને અનુલક્ષી સે-૧૬માં જોખમી બ્લોક તોડવાનું કામ શરૂ

## નિકાલ હેઠળના અન્ય આવાસો પણ વાઈબ્રન્ટ બાદ તોડી નંખાશે

ગાંધીનગર, તા.૨૩

શહેરમાં નિકાલ હેઠલના મકાનો તોડવાનું કામ શરુ કરી દેવાયું છે. આ અન્વયે સે-૩૦ અને સે-૧૬માં ‘જ’ કક્ષાના બ્લોક તોડવામાં આવી રહ્યા છે. જો કે સે-૧૬માં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી હાલ માત્ર એક જ બ્લોક તોડવામાં આવી રહ્યો છે. વાઈબ્રન્ટ બાદ આ અન્ય જોખમી બ્લોક તોડવામાં આવશે.

શહેરમાં દાયકાઓ જૂના આવાસો પૈકી નિકાલ હેઠળના જારી કરાયેલા જોખમી મકાનો તોડવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. લાંબા સમયના અંતે જોખમી આવાસો તોડવાનું કામ શરુ કરાયું છે. શહેરના સે-૭, ૧૩, ૧૬ ને સે-૩૦માં નિકાલ હેઠળના વિવિધ કક્ષાના મકાનો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. હાલના તબક્કે સે-૩૦માં જ અને જ-૧ કક્ષાના ૧૦ જેટલા બ્લોક તોડવાનું કામ શરુ કરી દેવાયું છે. જયારે વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ સે-૧૬માં પણ નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. જો કે વાઈબ્રન્ટ સમિટ નજીકમાં હોવાથી હાલ માત્ર એક જ બ્લોક તોડવામાં આવશે. ત્યારબાદ અન્ય જોખમી બ્લોક તોડવાનું કામ હાથ ધરવામાં આવશે. સે-૧૬ સ્વર્ણિમ પાર્કની એક બાજુ સ્થિત ‘જ’ કેટેગરીના બ્લોકમાં પણ નિકાલ હેઠળના મકાનોની સંખ્યા વિશેષ છે.

શ્રમેવ જયતે, સુખમ્ જયતે...

**શ્રમયોગી કલ્યાણ મેળો**

તા. ૨૫/૧૨/૨૦૧૪, ગુરૂવાર

(માન. પૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપાઈજીનો જન્મદિવસ)



શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. વડાપ્રધાનશ્રી, ભારત સરકાર

તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ રાજ્યના ૨૦ જિલ્લાઓમાં બપોરે ૨.૩૦ કલાકે શ્રમયોગી કલ્યાણ મેળાનું આયોજન કરેલ છે. રાજ્ય કક્ષાનો શ્રમયોગી કલ્યાણ મેળો અમદાવાદ ખાતે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ, વસ્ત્રાપુર, હેલ્મેટ સર્કલ પાસે યોજવાનું આયોજન



શ્રીમતી આનંદીબેન પટેલ
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

આ મેળામાં અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવાની કામગીરી તથા નોંધાયેલા અસંગઠિત શ્રમયોગીઓને શ્રમિક ઓળખ નંબર (U-WIN) સાથેનું ઓળખકાર્ડ આપવાનું આયોજન કરેલ છે.
આ શ્રમિક કલ્યાણ મેળાની રૂપરેખા નીચે મુજબ છે.

- માન. વડાપ્રધાનશ્રી રાજ્યનાં ૨૦ જિલ્લાઓમાં વીડીયો પ્રસારણ મારફતે શુભેચ્છાઓ પાઠવશે.
- માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રમ હેલ્પલાઈનનો શુભારંભ.
- માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રમયોગી અને માલિકોને જાણકારી અને સહાયતા માટે વેબ-પોર્ટલનો શુભારંભ.
- શ્રમયોગીની નોંધણી, અસંગઠિત શ્રમયોગી ઓળખનંબર (U-WIN) ફાળવણી, મળવાપાત્ર લાભોનું વિતરણ.
- શ્રમયોગીને વિનામૂલ્યે તેમના હક્કો અને મળવાપાત્ર લાભની જાણકારી માટે શ્રમયોગી સુવિધા હેલ્પલાઈનનું ઉદ્‌ઘાટન.
- રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ શ્રમયોગી સુધી પહોંચાડવી.

રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ શ્રમયોગી સુધી પહોંચાડવો જેવી કે,

- મુખ્યમંત્રી અમૃતમ્ યોજના
- ગ્રામીણ શ્રમયોગી સ્વાસ્થ્ય સહાય યોજના
- મીઠા શ્રમયોગીઓની વિવિધ સહાય યોજના
- બાંધકામ શ્રમયોગીઓનાં બાળકોને શિષ્યવૃત્તિ અને હોસ્ટેલ
- વ્યવસાયિક સાધન સહાય યોજના
- બાંધકામ શ્રમયોગીઓને વ્યવસાય સ્વાસ્થ્ય યોજના
- અકસ્માત જુથ વીમા સહાય યોજના
- બાંધકામ શ્રમયોગીઓની વિવિધ સહાય યોજના
- કૌશલ્ય વિકાસ તાલીમ યોજના

નીચેના ૨૦ જિલ્લાઓમાં મેળાઓ યોજવામાં આવનાર છે

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | વડોદરા | સુરત | ભાવનગર |
| ગાંધીનગર | ખેડા / નડીયાદ | વલસાડ | અમરેલી |
| મહેસાણા | આણંદ | ડાંગ | જુનાગઢ |
| બનાસકાંઠા / પાલનપુર | ગોધરા | રાજકોટ | સુરેન્દ્રનગર |
| સાબરકાંઠા / હિંમતનગર | ભરૂચ | જામનગર | કચ્છ-ભૂજ |

અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવાનું ફોર્મ (અંગ્રેજી તેમજ ગુજરાતી) http://www.labour.gujarat.gov.in પર Latest Information તરીકે ઉપલબ્ધ છે.
તો ચાલો આપણે સૌ અસંગઠિત શ્રમયોગી બહેનો અને ભાઈઓ નોંધણી કરાવીએ.



શ્રી વિજયભાઈ રૂપાણી
મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર
ગુજરાત રાજ્ય



શ્રી દિલીપકુમાર ઠાકોર
રાજ્ય કક્ષાના મંત્રીશ્રી,
શ્રમ અને રોજગાર વિભાગ

શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com